# બોલે મિલનનો મોર

(ફિલ્મઃ ડાકુરાણી ગંગા)

બોલે મિલનનો મોર
હો રસિયા જોબનવનમાં બોલે મિલનનો મોર.
કે જોબન વરસે, હો વરસે ચારે કોર હો રસિયા.
છકેલી અલબેલી મોસમ, રુરીલી શ્રાવણની સરગમ
કલેજે કામણનું કુમકુમ ગુલાબી રંગતની રૂમઝૂમ,
પ્રિતનો પહેલો, હો પહેલો, હો પહેલો મધુર પહોર
હો રસિયા જોબનવનમાં બોલે મિલનનો મોર.
સજન તું ડોલર ને હું જુઈ,
રમતમાં નહિં અંચઈ કે થુઈ,
પ્રિતનો કાંટો વાગ્યો, ઉઇ રસીલી રીસ જ વાલા મુઈ,
કે નયણાં ઘેલાં, હો ઘેલાં, હો ઘેલાં ને ઘનઘોર,
હો રસિયા જોબનવનમાં બોલે મિલનનો મોર.